બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્નશરૂ થાય તે પહેલાં જ કરવી.

## (વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર, ચૌદમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૨)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. ''આ મરવાનો શો ઢોંગ કર્યો છે ?'' (૨૯/૧૪૭)
➩ ભાયાત્માનંદ સ્વામી - શ્રીજીમહારાજને
➩ અંતિમ મંદવાડ સમયે મહારાજ કાંઈ ખાય-પીયે નહિ. વનમાંથી આવ્યા તે વખતે હતું તેવું શરીર સુકાઈ ગયું હતું. ત્યારે ભાયાત્માનંદ સ્વામી મહારાજ પાસે આવીને કહે છે.

૨. ''ધિંગાણું મચી જાત, કાવાદાવા થાત.'' (૧૭/૯૭)
➩ શ્રીજીમહારાજ - દરબારોને
➩ આણંદમાં અપમાન પછી દરબારોએ મહારાજને કહ્યું : 'અમને શૂરવીરોને ઈંટોનાં રોડાં ખવરાવ્યાં. આ વાત કોઈ જાણશે તો અમને નોકરીમાં નહિ રાખે.' ત્યારે મહારાજ કહે છે.

૩. ''આ સાધુ અમારા જેવા જ છે.'' (૨૭/૧૩૯)
➩ શ્રીજીમહારાજ - જૂનાગઢના નવાબને
➩ મહારાજે જૂનાગઢમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી ત્યારે નવાબે શ્રીજીમહારાજને કહ્યું : 'આપે આવું મોટું મંદિર બાંધ્યું છે તો આપ અથવા આપના જેવા ફકીરને અહીં રાખજો.' તેના પ્રત્યુત્તરમાં શ્રીજીમહારાજ કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શ્રીજીમહારાજને મનમાં થયું : ''આવા સત્સંગમાં રહેવું નથી. અહીંથી ચાલી જઈ એકલા વનમાં વિચરવું.'' (૧૮/૯૮-૯૯)
જ. મુક્તાનંદ સ્વામીની પ્રશંસા સાંભળી ન શકતા હર્યાનંદ અને નિર્વિકલ્પાનંદ અદેખાઈથી બોલવા લાગ્યા. તેથી મોટાનું માન ન જાળવે તેવા સત્સંગમાં રહેવાનો શો અર્થ ? એમ વિચારી મહારાજે અહીંથી ચાલી જઈ એકલા વનમાં વિચરવાનું વિચાર્યું.

૨. શ્રીજીમહારાજના આશ્રિતોને સર્વોપરી પ્રાપ્તિની ખુમારી રહે છે. (૫/૩૧)
જ. મહારાજે પોતાના આશ્રિતોને પરમેશ્વરના આશરાનું અને વિશુદ્ધ જીવનનું બળ ધારણ કરવાનું શીખવ્યું. સૌને નિર્ભીક બનાવ્યા. તેથી મહારાજના આશ્રિતો કાળકર્મ, ભૂવા, ડાકલાં, જોગી, જતિ, ભૈરવ, ભવાની, દોરાધાગા, શુકન,અપશુકન, કલ્પિત દેવદેવીઓ, વીર, પીર કે એવી કોઈ વસ્તુથી ડરતા નથી. તેમને સર્વોપરી પ્રાપ્તિની ખુમારી રહે છે.

૩. શ્રીજીમહારાજે સંતોને શિખા-સૂત્રનો ત્યાગ કરાવ્યો. (૬/૪૦)
જ. સંતોને નાગડા વેરાગી બાવાઓ ખૂબ ત્રાસ આપતા. મારપીટ, ગાળો, તિરસ્કાર, અપમાન વગેરે કરતાં તો પણ સંતો સહન કરતા. પરંતુ જ્યારે સ્ત્રીઓને સંતોનો પરાણે સ્પર્શ કરવા મોકલતા તેથી સંતોનું દુઃખ દૂર કરવા માટે મહારાજે સંતોને શિખા-સૂત્રનો ત્યાગ કરાવ્યો.

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. મગનીરામમાંથી અદ્વૈતાનંદ (૨/૭-૧૧)** દ્રાવિડ દેશનો મુમુક્ષુ તપસ્વી બ્રાહ્મણ ભગવાનની શોધમાં નીકળ્યો. શારદાદેવીને પ્રસન્ન કરવાથી ભગવાન મળે. તે હેતુથી તેવા ગુરુની શોધમાં નીકળ્યો. તેવા ગુરુ મળ્યા. શારદાદેવી પ્રસન્ન થયાં પણ ગુરુએ પોતાની કન્યા સાથે પરણવાનું કહ્યું. ત્યારે તેમણે આજીવન બ્રહ્મચારી રહેવાની વળી ગુરુપુત્રી બહેન સમાન ગણાય તેથી પરણવાની ના પાડી. જગન્નાથપુરી ગયો. ત્યાં તે સિદ્ધિઓ વાપરી રાજા, મહારાજાઓને વશ કરવાનો વિચાર આવતાં વિકરાળ બાવાનો વેશ ધારણ કરી સિદ્ધાઈ અને મંત્ર-જંત્રનું જોર બતાવીને સોનામહોરોનો દંડ લેવા લાગ્યો. પોરબંદરના ગુસાંઈએ

માંગરોળમાં બિરાજમાન જીવનમુક્તા મહારાજને વશ કરવા કહ્યું. ધૂંધવાયેલા મગનીરામે માંગરોળ આવી રાજા ગજેફરખાન પાસે રૂપિયા પાંચ હજાર આપો નહિ તો શહેર બાળી ભસ્મ કરી નાખવાની ધમકી આપી ત્યારે રાજાએ ભગવાન સ્વામિનારાયણને સિધ્ધિથી જીતી લે તો જ દશ હજાર રૂપિયા આપવાની વાત કરી. ત્યારે મગનીરામ મહારાજ પાસે જઈને પોતાની સિદ્ધિઓની વાત કરી. મહારાજને ડારો આપી દશ હજાર રૂપિયાની માંગણી કરી. મહારાજે રૂપિયા આપવાની ના પાડી કહ્યું જમવું હોય તો જમાડીએ. તારી દેવીને મોકલવી હોય તો મોકલ. મંત્ર-જંત્ર અજમાવી જો. અમે ડરતા નથી. ઉતારે જઈને શારદાદેવીને બોલાવી. શારદાદેવીએ તેને ભગવાન મેળવવાનો ઉદ્દેશ યાદ કરાવ્યો. સ્વામિનારાયણ તો સર્વે દેવોના સ્વામી ભગવાન છે. મારા પણ ઉપાસ્ય છે. માટે દીનતા ધરી તેમનો આશ્રિત થઈને તેમને જ્ઞાન, સેવા અને ભક્તિથી રાજી કરી લે. મગનીરામના અંતરચક્ષુ ખૂલી ગયાં. બીજે દિવસે સવારે મહારાજ પાસે જઈને માફી માગી સાધુ બનાવવાની માગણી કરી ત્યારે મહારાજે પરીક્ષા કરવા તેમની દાઢી, મૂછ અને જટા ઉતારી તેના ઉપર સંતો ચાલશે. તે તમારે કબૂલ છે. તેણે મહારાજને રાજી કરવા તેમ કર્યું. ત્યારે એક હરિભક્તે કહ્યું : આ જાતનો બાવો છે. તેને માન મૂકવું કઠણ. એ તો ધૂતવા ઢોંગ કરતો હશે. ત્યારે મહારાજે એને બધા સંતોના પગરખાનું પોટલું બનાવી માથે મૂકી સભાની પાંચ પ્રદક્ષિણા કરવાથી પાપમાંથી મુક્તિ મળે એમ કહ્યું. ત્યારે મગનીરામે એમ કર્યું. શિષ્યોએ વાર્યા ત્યારે કહ્યું : 'આ તો મારા જીવના મોક્ષને અર્થે કરું છું.' મહારાજને ફરી સાધુ બનાવવાની વિનંતી કરતા, મહારાજે તેમને સાધુ બનાવી 'અદ્વૈતાનંદ' નામ આપ્યું. સાધુ-હરિભક્તો તેમને 'દેવીવાળા મગનીરામના' નામથી ઓળખતા.

**૨. જીવાખાચરની પરીક્ષા (૧૧-૧/૬૬-૬૭)** શ્રીજીમહારાજ શ્રાવણ માસ પછી સારંગપુરમાં પધાર્યા. ત્યાં ઢોરની ચાર ખૂટતા હરિભક્તોએ મહારાજને વરસાદ લાવવા વિનંતી કરી. મહારાજે ઈન્દ્રને આજ્ઞા કરી. તેથી ખૂબ વર્ષા થઈ. જીવા ખાચરનું ઘર પડવા લાગ્યું ત્યારે મહારાજે કહ્યું, 'અમે કહેતા હતા તમારે ઘેર ના લઈ જાઓ. તો લ્યો હવે ઘર પડ્યું અમને ક્યાં રાખશો ?' જીવાખાચર તેમના નવા ઘરમાં લાવ્યા. મહારાજે જીવાખાચરને કહ્યું કે અમને ભૂખ લાગી છે માટે રસોઈ કરીને જમાડો. છાણાં, લાકડાં પલળી ગયા હોવાથી નવો પલંગ તોડી તેના લાકડાં રસોઈ બનાવવામાં વાપરીને મહારાજને રસોઈ જમાડી. મહારાજ સૂતા હતા ત્યાં અર્ધરાત્રિએ કોઈ બચાવો, મારૂં ઘર પડી રહ્યું છે, મોભ ઉતરી રહ્યો છે. છોકરાં અને ઢોરને બચાવો ! મહારાજ ધીમે પગલે લાખા પટેલને અને દેવા પટેલને ત્યાં જઈ મોભ ખભે લઈને બધાને બચાવ્યાં. સવારે મહારાજે જીવા ખાચરને સંતો ભૂખ્યા છે તે માટે તથા ગામનો ભાવ જોવો છે એમ કહી ઝોળી માંગવા સાથે આવવાં કહ્યું. જીવાખાચર ગામધણી હોવા છતાં મહારાજ ભેળા ઝોળીનો બીજો છેડો પકડી 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો !'ની આહ્‌લેક લગાવતા ઝોળી માંગવા નીકળ્યાં. આમ મહારાજે જીવાખાચરની પરીક્ષા કરી.

**૩. અમારા જડભરત (૨૩/૧૧૮-૧૧૯)** માગશર માસની ઠંડીમાં ગઢડામાં એક હરિભક્તે મહારાજને જાડો ધાબળો ઓઢાડ્યો. ધાબળો જાડો, બરછટ અને શરીરે કરડે તેવો હતો. શરીરે જોરથી ઘસાય તો ચામડી લાલ થઇ જાય પણ હરિભક્તનો ખૂબ ભાવ હોવાથી મહારાજ નિત્ય તે ધાબળો ઓઢીને જ કથામાં બેસતા. કેટલાક સંતોએ યુક્તિપૂર્વક ધાબળાની માંગણી કરી તો મહારાજે તેમને કામળી અપાવી પણ ધાબળો દીધો નહિ. પૂનમને દિવસે બીજા એક હરિભક્ત મહારાજને સુંદર ઝીણી કામળી ઓઢાડવા આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજ પાસેથી ધાબળો માગવાનું કહ્યું. સ્વામીએ હા પાડી. હરિભક્તે મહારાજને કામળી ઓઢાડી તે વખતે સ્વામીએ મહારાજ પાસે ધાબળો માંગ્યો તો મહારાજે ના પાડી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું 'મહારાજ ! આ નિર્ગુણાનંદ જડભરત જેવા છે. તેમને ધાબળો ગમ્યો છે. માટે આપ આપો તો સારું.' અને મહારાજે સ્વામીને ધાબળો ઓઢાડતા કહ્યું 'લ્યો અમારા જડભરત.'

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. કણબી અને મૂળજી બ્રહ્મચારીનો સંવાદ સાંભળી શ્રીજીમહારાજે મનમાં કયો સંકલ્પ કર્યો ? (૯/૫૭)

જ. 'મારે આ કણબીઓ અને સર્વે ઊતરતી જાતિમાત્રનું કલ્યાણ કરી ઉદ્ધાર કરવો, કોઈને બાકી રાખવા નથી.'

૨. શ્રીજીમહારાજે કોની પાસે કુરાનની કલમો બોલાવી ? (૩/૨૧)

જ. શ્રીજીમહારાજે કરસનજી ભાટ પાસે કુરાનની કલમો બોલાવી.

૩. શ્રીજીમહારાજે પૂછવા છતાં કોને મોક્ષના દ્વારરૂપ શ્લોક ન સૂઝયો ? (૧૧/૭૪)

જ. શ્રીજીમહારાજે પૂછવા છતાં દીનાનાથ ભટ્ટને મોક્ષના દ્વારરૂપ શ્લોક ન સૂઝયો.

૪. શ્રીજીમહારાજે પ્રથમ શિખરબદ્ધ મંદિર ક્યાં બંધાવ્યું અને તેમાં કયા દેવ પધરાવ્યા ? (૨૧/૧૧૧)

જ. શ્રીજીમહારાજે પ્રથમ શિખરબદ્ધ મંદિર અમદાવાદમાં બંધાવ્યું અને તેમાં નરનારાયણ દેવ પધરાવ્યા.

૫. શ્રીજીમહારાજે અરદેશર કોટવાલની શુદ્ધ હૃદયની પ્રાર્થના સાંભળી શું આપ્યું ? (૨૪/૧૨૩)

જ. શ્રીજીમહારાજે અરદેશર કોટવાલની શુદ્ધ હૃદયની પ્રાર્થના સાંભળી પોતાની પાઘ આપી.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩, ૪ (૧૦/૬૪)        ૨. ૨, ૪ (૧૪/૮૫)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. વ્યાપકાનંદ (૧/૩)        ૨. જગજીવન મહેતા (દિવાન) (૭/૪૩-૪૪)

૩. ગુણાતીતાનંદ સ્વામી (૨૬/૧૩૭)        ૪. આત્મારામ દરજી(૨૮/૧૪૧)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''આપને તો કચરો ને કંચન બધું સરખું છે.'' (૪/૩૦)

➩ આચાર્ય મહારાજ - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➩ આચાર્ય મહારાજના આગ્રહથી સ્વામી સંતમંડળ સાથે હવેલીએ જમવા પધાર્યા. ત્યારે સ્વામી માટે સોનાનો થાળ મંગાવ્યો અને તેમાં જમવાની પ્રાર્થના કરતાં કહે છે.

૨. ''આ વચનામૃત તમારું કરી રાખજો.'' (૭/૫૨)

➩ સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - જાગા ભક્તને

➩ જૂનાગઢમાં બપોરની સભામાં યોગેશ્વરદાસ સ્વામી પાસે ગ.પ્ર.૬૧મું વચનામૃત વંચાવી તેના પર વાત કરતાં સ્વામી જાગા ભક્તને કહે છે.

૩. ''મને મહારાજ ક્યાં પાસે રહેવા દે છે ?'' (૩/૨૩)

➩ મૂળજી બ્રહ્મચારી - સુથારણ બાઈને

➩ ડભાણથી કેરી લઈ આવેલા બ્રહ્મચારીને મહારાજે જય સ્વામિનારાયણ પણ ન કહ્યા. મોઢું ફેરવી ગયા. ત્યારે ગામમાં જતાં બ્રહ્મચારીને એક સુથારણ બાઈ ઓળખી ગઈ અને પૂછ્યું 'હમણાં કેમ દેખાતા નહોતા ?' ત્યારે કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. શ્રીજીમહારાજે બન્ને બહેનોને દસ દસ દિવસના વારા ગોઠવી આપ્યા. (૬/૪૩)

જ. શ્રીજીમહારાજ એક પક્ષમાં જીવુબાને ત્યાં જમતા. બીજા પક્ષમાં લાડુબાને ત્યાં જમતા. તેમાં તિથિની વધઘટ થાય તો બંને બહેનોને સંતોષ ન થાય. તેથી દસ-દસ દિવસના વારા ગોઠવી આપ્યા ત્યારે બંનેને સંતોષ થયો. (૬/૪૩)

૨. જાગા ભક્તને એકદમ કોઈ ગોળી મારે ને વસમું લાગે તેવું વસમું લાગ્યું. (૭/૫૫)

જ. ૧૯૫૩માં જુનાગઢમાં જન્માષ્ટમીનાં સમૈયા પર ભગતજી મહારાજ તથા જાગા સ્વામી બહુ વર્ષો પછી મળ્યા. ગુણાતીતાનંદ સ્વામી વખતના જૂના પ્રસંગો યાદ કર્યા. આવી સત્સંગની ભરજુવાની જોઈને જાગા ભક્તને થયુ કે હવે સત્સંગમાં અક્ષર પુરુષોત્તમની મૂર્તિઓ બેસે તો કોઈને સંશય ન રહે આથી શાસ્ત્રીજી મહારાજ મારફત વિહારીલાલજી મહારાજને કહેરાવ્યું. કારણ તેઓ નિર્વંશ હતા ને દીકરાની લાલચે જરૂર આ વાત માનશે. તેની જાગા ભક્તને શ્રધ્ધા હતી. પણ તેમ ન થયું. તેથી જાગાભક્તને કોઈ ગોળી મારે ને વસમું લાગે તેવું વસમું લાગ્યું.

**પ્ર.૯** 'દાદાખાચરની આજ્ઞાપાલનની તત્પરતા' (૫/૩૪-૩૮) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

(૧) દાદાખાચર મહારાજની ખૂબ સેવા કરતા અને મહારાજ પણ તેમની વારંવાર પ્રશંસા કરતા. જીવાખાચરને આથી ઈર્ષા થતી. દાદાખાચરને સંતાન ન હતું તેથી તેનો ગરાસ પડાવી લેવાની જીવાખાચરને ખૂબ ઈચ્છા રહેતી. તે અરસામાં દાદાખાચર વધારે માંદા થયા જીવાખાચરને થયું, 'દાદો મરશે અને મને ગરાસ મળશે.' અંતર્યામીપણે મહારાજે તેમનો આવો સંકલ્પ જાણી તેને ખોટા કરવા મહારાજે દાદાખાચરને કહ્યું, 'દાદા તારો ગરાસ બહેનોને લખી આપ.' કોઈ જાતના સંશય વગર તેમણે પોતાનો તમામ ગરાસ હતો તે બંને બહેનોને લખી આપ્યો. પણ મનમાં વિચાર સરખો ન આવ્યો કે, 'અમે શું ખાઈશું ?' મહારાજે પૂછ્યું ત્યારે દાદા ખાચર કહે 'હું ભાવનગર રાજ્યમાં જઈ નોકરી કરીશ.' બંને બહેનોને કહ્યું કે, 'ગરાસ માટે ચાકરની જરૂર પડશે તો દાદાને રાખો.' દાદાને દરબારમાં રહીને બહેનોનું ગરાસ અંગેનું કામકાજ કરવાની આજ્ઞા કરી. એક વર્ષ સુધી આવું કામ દાદાએ કર્યું. વળી, એક સમયે મહારાજે બંને બહેનોને બોલાવીને કહ્યું, 'તમારે ગરાસ રાખીને શું કામ છે ? દાદાને આપી દો' એમ પાછો દાદાને જ ગરાસ સોંપી દીધો. મનની આવી આકરી કસોટીમાંથી દાદા ખાચર જેવા ઉત્તમ વિશ્વાસુ ભક્ત જ પસાર થઈ શકે, બીજા કોઈથી આવું ન થાય. (૨) ગઢપુરમાં મહારાજ રહેતા ત્યારે અનેક વાર ઉન્મત ગંગા - ઘેલા નદીમાં સંતો-હરિભક્તો સાથે સ્નાન કરવા જતા. એક વખત મહારાજ સંતો-હરિભક્તો સાથે ઘેલા નદીએથી સ્નાન કરીને પાછા આવતા હતા. ત્યાં ટેકરા ઉપર સાધુ-બાવાઓ બેઠા હતા. તેમને જોઈને મહારાજે જીવાખાચર(દાદાખાચરના કાકા)ને કહ્યું : 'આ બાવાઓ આમ ખુલ્લામાં પડ્યા

રહે તે કરતાં એમને ઉતારા માટે ધર્મશાળા કે એવું કંઈ કરી આપીએ તો ઠીક.' તે સાંભળી જીવાખાચરે કહે : 'મહારાજ ! આવા તો લંગોટિયા ઘણાય રખડતા હોય ! બધાનું આપણે ક્યાં ધ્યાન રાખીએ.' આ સાંભળી મહારાજ કંઈ બોલ્યા નહિ. આ જ વાત મહારાજે ફરીથી દાદાખાચરને કરી. દાદાખાચર તરત હાથ જોડી બોલ્યા : 'મહારાજ ! આપણો દરબાર સાધુઓને ઉતારા માટે આપીએ.' દરબારમાં સાધુઓને ઉતારશો તો તમે ક્યાં રહેશો ? મહારાજે પૂછ્યું. 'મહારાજ ! અમે તો નદીકિનારે, ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું, પણ આવા ભગવાનના ભક્તને દુઃખમાં રખાય ? દાદાખાચરે કહ્યું. આ સાંભળી મહારાજના મુખમાંથી શબ્દો નીકળી ગયા : 'દાદો તે દાદો ! આવો બીજે ન મળે.' આમ, મહારાજનો પડ્યો બોલ અદ્ધર ઝીલવા દાદાખાચર હંમેશાં તત્પર રહેતા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જાગાભક્ત પૂજા પછી શિક્ષાપત્રીની જેમ શેનો પાઠ કરતા ? (૭/૫૪)

જ. જાગાભક્ત પૂજા પછી 'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા ગુજરાતના હરિભક્તોની નામાવલિનો' શિક્ષાપત્રીની જેમ પાઠ કરતા.

૨. જ્યારે બાઈઓએ ભક્તિમાતાને ફરીવાર રહેવા માટે વિનંતી કરી ત્યારે તેમણે શું કહ્યું ? (૬/૪૨)

જ. હું તો પતિવ્રતા છું એટલે તમે સૌ જો ધર્મ રાખશો તો હું રહીશ.'

૩. અમદાવાદ દેશની ગાદીના પ્રથમ આચાર્યના માતાપિતાનું નામ શું હતું ? (૪/૨૭)

જ. અમદાવાદ દેશની ગાદીના પ્રથમ આચાર્યના માતાનું નામ સુવાસિની અને પિતાનું નામ રામપ્રતાપજી પાંડે હતું.

૪. શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવા માટે કૃષ્ણજી અદાએ કોની સાથેનો સંબંધ કાપી નાંખ્યો ? (૮/૬૪)

જ. શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખવા માટે કૃષ્ણજી અદાએ હીમરાજભાઈ સાથેનો સંબંધ કાપી નાંખ્યો.

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : પ્રેમાનંદ સ્વામીની કીર્તન ભક્તિ (૨/૧૨-૧૬)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૧ | ૯ | ૮ | ૬ | ૪ | ૭ |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમ : ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી :** લખનૌ પાસે દતિયા ગામ છે. ત્યાં વિષ્ણુ શર્મા નામના બ્રાહ્મણ રહેતા હતા. તેમની પત્નીનું નામ વિરજાદેવી હતું. (૧/૧)

૨. **શ્રીકૃષ્ણજી અદા :** આ ખરડામાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હિમરાજભાઈએ સહી કરી. હિમરાજભાઈનું વર્ચસ્વ રાજકોટ સત્સંગ મંડળમાં સારું હતું. (૮/૬૪)

૩. **સ્વામી જાગા ભક્ત :** ચૌદ વર્ષની નાની વયમાં જાગા ભક્તને હામાપરમાં અમરબાઈ સાથે પરણાવ્યા હતા, છતાં જાગા ભક્તની વૃત્તિ સંસારથી ઉદાસ જ રહેતી. (૭/૪૮)

૪. **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :** અમદાવાદ દેશની ગાદીના પ્રથમ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજનો જન્મ સંવત ૧૮૬૫ના જેઠ સુદ એકાદશીના શુભ દિને છપૈયા ગામે થયો હતો. (૪/૨૭)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **સ્વવિકાસનો પાયો : વાંચન વિવેક :** (૧) સ્વવિકારસનો અર્થ - વ્યક્તિગત વિકાસ અથવા પોતાનો (સ્વયંનો) વિકાસ. (૨) વ્યક્તિગત વિકાસ માટેનાં અનેક પરિબળો, શિક્ષણ, આધ્યાત્મિકતા, પ્રામાણિકતા વગેરે પરંતુ તેમાં વાંચનનો ફાળો વિશેષ - વાંચનથી વિકાસ થયેલ હોય તેવા પ્રસંગો લખી શકાય. (૩) વાંચનથી વિકાસ તો થાય પરંતુ વિકાસના ઉચ્ચતમ શિખર સર

કરવા માટે તો વિવેકપૂર્ણ વાંચન એટલે કે વાંચનમાં વિવેક (પ્રસંગો) કહેવાય છે કે પુસ્તકો એ મનુષ્યના સારા દોસ્તો કહી શકાય. સારાં પુસ્તકોના વાંચનથી સારી ભાવના કેળવાય - બીજા માટે સારો આદર કેળવાય - પ્રામાણિકતા, નીતિના પાઠ શીખવા મળે. ઘણી વ્યક્તિઓ વાંચનની શોખીન - પરંતુ કેવું વાંચન - જે વ્યક્તિગત વિકાસ કે બીજી કોઈ રીતે ઘડતર ન કરે તેવા વાંચનથી ગેરલાભ - જેવું વાંચન તેવી વ્યક્તિના માનસપટ પર તેની અસરો - ડીટેક્ટીવ નવલકથાઓ કે હોરર પુસ્તકો, બીજાં અશ્લીલ પુસ્તકોથી વ્યક્તિ ખૂન, મારામારી, અહિંસા કરવા પ્રેરાય. તેથી જ વાંચનમાં વિવેક રાખવાની વાત સંતો કહે છે. (૪) કુટુંબ માટે, દેશ માટે, સમાજ માટે અસ્મિતા જાગે - સંયમ, ધર્મ-નિયમ કેળવાય, સદ્વર્તન માટેનું બળ મળે. અનેક યુવાનો, વિદ્યાર્થીઓ, બાળકોએ સારાં પુસ્તકો દ્વારા માર્ગદર્શન - સારી રીતે જીવન જીવવાનું બળ મળે - ગાંધીજી, સોક્રેટીસ વગેરે મહાપુરુષો તેમજ ભગવાનના ચરિત્રોમાંથી પ્રેરણા મેળવીને સારા નાગરિકો બન્યા છે. દેશભક્તોના ચરિત્રો વાંચવાથી દેશભક્તિની ભાવના જાગ્રત થાય (પ્રસંગો) ભગવાનના અવતારોના જીવનચરિત્રોમાંથી પ્રામાણિકતાના પાઠ શીખવા મળે. (પ્રસંગો) ધર્મ-નિયમમાં દઢતા રહે - અને માનવજીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ - આમ સારા પુસ્તકોના વાંચન કરતાં વાંચનમાં વિવેક રાખવાથી, વિવેકપૂર્ણ વાંચનથી મનુષ્યનું દરેક ક્ષેત્રમાં ઘડતર થાય છે. - ઉપસંહાર.

૨. **યૌવનનું નૂર : નૈતિકતા :** (૧) યૌવન એટલે તરવરાટ, જીવનનો સુવર્ણકાળ, ભગવાને આપેલ અમૂલ્ય તક, પરિવર્તન અને નવસર્જનનું બીજું નામ - યૌવન એટલે આભના તારલા તોડીને ગળામાં સિદ્ધિઓ રૂપે પહેરવાનો અવસર - યૌવન એટલે કંટકો ભરેલા વેરાન રસ્તાને આંખના પલકારામાં વીંધી નાખવાની ગતિ. યૌવનની કેટલી વિશાળ અને વિધિપૂર્ણ વ્યાખ્યાઓ. (૨) પરંતુ આ યૌવનની ગરિમા સિદ્ધિના શિખરે બેસવાથી કે ગૌરવવંતા કાર્યોથી નહિ પરંતુ યૌવનની ખરી ગરિમા તેના મૂલ્યોમાં - કેવાં છે આ મૂલ્યો ! મૂલ્યોમાં સૌથી મૂલ્યવાન મૂલ્ય એ નૈતિકતા. આ મૂલ્યથી જ યુવાનો દ્વારા દુનિયામાં ચમત્કારનું સર્જન યુવાન નૈતિકતા વડે ધારે તો પોતાની જાત જ નહિ, આખા વિશ્વને નૈતિકતાના નૂરથી પ્રકાશમાન કરી શકે છે. આ નૈતિકતાનું નૂર શું છે? નૈતિકતા એટલે નીતિ, સદાચાર, પ્રમાણિકતા, સત્ય, ન્યાય, ફરજ પ્રત્યે સભાનતા, વફાદારી વગેરેથી અલંકૃત જીવન - ચોરી, ભ્રષ્ટાચાર, વ્યસનો, વ્યભિચારથી જોજનો દૂર સુંદર જીવન. (૩) નૈતિકતાનો આધ્યાત્મિકતા સાથે ગાઢ અને સીધો સંબંધ - આધ્યાત્મિકતા વિનાની નૈતિકતાની કોઈ ફળશ્રુતિ નથી. યુવાનીમાં નૈતિકતાનું નૂર ખીલી ઊઠે તો યૌવન સાર્થક થઈ જાય. નવયુવાન અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈની નૈતિકતાએ કેટલા બધા જીવનને અજવાળ્યાં ! આજેય વિશ્વમાં તેમની ગાથાઓ ગવાય છે. નૈતિકતાના નૂરમાં પ્રામાણિકતાના એક ગુણથી તો યૌવન મહામૂલો શણગાર બની જાય. તેનાથી ફક્ત તે યુવાન જ નહિ તેના કુટુંબ, સમાજ, દેશને લાભ. (૪) પ્રામાણિકતાના નૂર વિના દેશમાં, વિશ્વમાં, સમાજમાં, કુટુંબમાં, ભાઈ-ભાઈ વચ્ચે, પતિ-પત્ની વચ્ચે કે નોકરી-ધંધામાં કે વિદ્યાર્થી જીવનમાં ગંભીર પ્રશ્નો સર્જાય છે તે વાત નિર્વિવાદ છે. પ્રામાણિકતાના લાભની અસર ત્વરિત ન દેખાય પરંતુ તેનાં અંતિમ પરિણામો સંતોષજનક, સુખદાયક. કેટલાક યુવાનો પ્રામાણિકતાથી ભૂખ્યા મરવાનો વારો આવે તેવી માન્યતા ધરાવે છે. તો બીજી બાજુ પ્રાણના ભોગે પણ પ્રામાણિકતા છોડવા તૈયાર ન હોય એવા યુવાનો છે. કપરા સંજોગો તેમને ડરાવી શકતા નથી, કે સત્તા-સંપત્તિની શેહ શરમ તેમને નડતી નથી. અહીં એક જૂની પરંતુ જાહેર બોધકથા-સાચાબોલા ચોરે રાજાની સાથે મળી રાજાના મહેલમાં જ ચોરી કરી. ચોરે દસ દેગડામાંથી ફક્ત ચાર ચોરી લીધા. - પ્રધાને બાકીના છમાંથી ચાર ચોરી લીધા અને બે જ બચ્યા છે તેમ રાજાને કહ્યું. રાજા સર્વ વાત જાણતા હતા. તેથી રાજાએ પ્રામાણિક ચોરને પ્રધાન બનાવ્યો - અને પ્રધાનને દેશનિકાલ - પ્રામાણિકતાએ એક હીન માનવીને (ચોરને) પણ કેવું ગૌરવ અપાવે છે. અને અપ્રમાણિકતા સત્તાની ટોચ પર બેઠેલાને પ્રતિષ્ઠાહીન કરે છે. (૫) રાજકોટ જિલ્લાના હિસાબી અધિકારીએ લાંચને ઠુકરાવી પરંતુ સરકારના ૧૪૫ કરોડના થતા નુક્સાનને બચાવ્યું. આ પ્રામાણિક યુવાન એટલે બી.એ.પી.એસ.ના સંનિષ્ઠ કાર્યકર શૈલેષભાઈ સગપરિયા - સરકારી અધિકારી તો સારા પગારદાર પરંતુ રોજેરોજનું કમાઈને રળી લેતા બારડોલીના રિક્ષાચાલક વિનોદ ભંડારીએ દોઢલાખ રૂપિયાના હીરાનું પેકેટ મૂળ માલિકને પરત કર્યું. હીરાના માલિક પ્રામાણિકતાના નૂરથી ઝળહળતા આ યુવાન સમક્ષ અહોભાવથી નમી પડ્યા. (૬) બી.એ.પી.એસ.ના સ્વામિનારાયણ ગુરુકૂળમાં અભ્યાસ કરતાં ૧૧ કિશોરોએ સુપરવાઈઝરના કહેવા છતાં ચોરી ન કરી. સ્વામીશ્રીએ આ વાત જાણી - પૂછપરછ કરી - ખૂબ રાજી થયાં. આવા યુવાનો પર સ્વામીશ્રી વારી જાય છે અને ખૂબ સુંદર આશીર્વાદ આપે છે. આ યુવાનો આજે મેડીકલની શાળામાં અભ્યાસ કરે છે. (૭) આમ, એક તરફ દરરોજ અનૈતિકતાનાં કૌભાંડોથી ખદબદતા સમાચારો, બીજી તરફ આવા અનૈતિકતાના નૂરથી શોભતા યુવાનો - જો આવા યુવાનોના કારણે અનેક સમસ્યાઓ હલ થાય છે. ચારિત્ર્યવાન અને પ્રામાણિક સમાજ તૈયાર થઈ રહ્યો છે. - ઉપસંહાર.

૩. **ભગવાન સ્વામિનારાયણે આપેલો સંયમબોધ :** (૧) ભગવાન સ્વામિનારાયણ દ્વારા સંયમ-નિયમની જ્યોતિ પ્રજવલ્લિત - તેના દ્વારા મુમુક્ષુઓને એક ઉજ્જવળ આધ્યાત્મિક માર્ગની પ્રાપ્તિ - ૨૦૦ વર્ષ પહેલાંનો અંધકારમય યુગ - અરાજકતા અને અંધાધૂંધી, વ્યસનો-દૂષણો રૂપી મહારોગથી પીડાતા સમાજને સંયમ અને નિયમની ઔષધિ પાઈને શ્રીહરિ દ્વારા તેની શુદ્ધિ ચેતનવંત સમાજ તૈયાર (પ્રસંગો લખી શકાય) (૨) એવા ઘોર કળિકાળમાં પણ તપ, ત્યાગ, સહનશીલતા, સંયમ, શીલ જેવાં આભૂષણોથી શોભતા સંતો, પરમહંસો, બાઈ-ભાઈ હરિભક્તોની શ્રીજીમહારાજ દ્વારા હારમાળાની રચના - ભક્તોનો ઉલ્લેખ - આવા ભક્તોના આધ્યાત્મિક માર્ગને નિર્વિઘ્ન કરવા માટે શ્રીજીમહારાજ દ્વારા સંયમની અદ્‌ભૂત પાળની રચના - આ સંયમની પાળ શાશ્વત અને ચિરંજીવ - આજ પર્યંત એટલી જ પ્રતીતિકર તેમજ ઉપયુક્ત - આવનારા કોઈપણ યુગમાં, કોઈપણ સમુદાય માટે પ્રતીતિકર - આપણાં પર શ્રીજીમહારાજનું અમૂલ્ય પ્રદાન - ક્યારેય ન ચૂકવી શકાય તેવું તેમનું ઋણ. (૩) ગામડે ગામડે ઘૂસીને સંયમની આહ્‌લેક - ઠેર ઠેર વિવિધ પ્રસંગોએ અમૃત વચનોની વર્ષા દ્વારા મુમુક્ષુનાં આંતરિક ક્લેવરનું જતનપૂર્વક ઘડતર - શ્રીહરિના સંતો દ્વારા શ્રીહરિએ સ્વમુખે ઉદ્‌બોધેલ સંયમબોધને સમયે સમયે ગ્રંથસ્થ - વચનામૃત તથા શ્રીહરિચરિત્રામૃત સાગર વગેરે ગ્રંથોમાં

ગ્રંથસ્થ - ઉપરાંત જુદા જુદા પરમહંસોની વાતો તેમજ કીર્તનોમાં સંયમબોધ ગૂંથાયેલ છે. સંયમબોધ માટે શ્રીહરિ દ્વારા જુદા જુદા પરિભાષામાં શબ્દોનો ઉપયોગ - જેમકે ઇન્દ્રિયોના નિગ્રહ, નિયમ, નિષ્કામવ્રત, વિવેક, પંચવિષયનો ત્યાગ, ધર્મ, સદાચાર, આહાહશુદ્ધતા વગેરે વિવિધ શબ્દો દ્વારા સંયમબોધનો જ ઉપદેશ. **(૪)** વચનામૃત : ઇન્દ્રિયોની વૃત્તિનો નિગ્રહ ન કરવાથી તથા પંચવિષયને સમજ્યા વિનાના ઉપભોગથી થતા અંતઃકરણથી મલિનતાની વાત ગ.પ્ર.૧૮માં કરી છે. પંચવિષયના આહારને અતિ શુદ્ધપણે કરીને રાખવાની તથા તેમાં પોતાનો ઘણો રાજીપો તે વાત ગ.પ્ર.૧૮માં શ્રીજીમહારાજ કરે છે. દેહનું ઉન્મતપણું જણાય તો તેનો ઉપાય બતાવ્યો છે. પરમેશ્વરનાં દર્શન કરતાં વૃત્તિ સંયમમાં રાખવી. દૃષ્ટિના સંયમની વાત - નેત્ર તથા શ્રોત્રના સંયમની વાત(વચ.સા.-૨માં) કરી છે. તો વળી કામાદિક શત્રુને જીતવા માટે ઇન્દ્રિયોને દંડ દેવાની વાત (લો.૧) નિષ્કામપણું રાખવાથી સર્વે સાધન આવે તેવો બોધ (લો.૬), ચક્ષુ ઇન્દ્રિયને જીતવાનો બોધ (લો.૮), ઇન્દ્રિયોની તીક્ષ્ણતા ટાળવાનો ઉપાય ગમ.૧૬ નિષ્કામી વર્તમાનથી ભગવાન સાથે આ લોક અને પરલોક વિષે દૃઢ મેળાપ રહે તેવો લાભ તેવો સંયમ માટે બોધ. (ગ.મ.૩૩) ત્યાગી અથવા ગૃહી પોતાના નિયમમાં જ દૃઢપણે રહે તો જ ઇન્દ્રિયો જીતાય તેવો બોધ શ્રીહરિ દ્વારા અનેક વચનામૃતોમાં. **(૫)** શ્રી હરિ ચરિત્રામૃત સાગર : નિયમ એ સંતનો સંગ - અક્ષરબ્રહ્મ પર્યંત સૌ દ્વારા નિયમ-પાલન. નિયમ-પાલનવાળાને માથે કાળ, કર્મ, માયાનો ભય નથી. (૮/૧૭/૨૯-૩૨) ભાંડ, ભવાઈ, વિવાહ, હોળી, દારૂના સંસર્ગમાં આવે તો ડાહ્યો હોય તે પણ પશુ જેવો - મોટા મોટા ઋષિઓના હજારો વર્ષના તપ પાણીમાં - મનને નિયમમાં રાખવાનો બોધ - (૮/૧૮/૧૭-૩૬, ૧૪/૨૭/૨૨-૨૮) - વાડ વિનાનું ખેતર તેવું નિયમ વિનાનું જીવન - મોક્ષનો ખપ હોય તેણે નિયમમાં વર્તવું. (૧૫/૭૯/૨૨-૨૭) ભગવાનનો આશ્રય કરે પણ નિયમ-ધર્મ ન રાખે તો તે આશ્રય ભાંગેલ નાવ સમાન - ભાઈ-બાઈ માટે નિયમ-સંયમબોધ. (૧૪/૧૭/૧૬-૨૫) સત્સંગમાં સંયમ નિયમરૂપી કોટ બાંધી મહારાજ દ્વારા કળિને પ્રવેશવાનાં દ્વાર બંધ. (૧૫/૭૮/૧૨-૨૮) ગોપીઓ જેવા કોઈ ભક્ત નહિ પરંતુ નિષ્કામવ્રત રાખનાર ભક્ત ગોપીઓ કરતાં પણ અધિક - ઔષધ કરતાં ચરી ચઢી જાય. રોગીને જેમ ચરી તેમ નિષ્કામવ્રત વાળા માટે આટલી ચરી - બીજા અર્થમાં સંયમબોધ - આ ચરી આ પ્રમાણે. **૧.** દેહને અનિત્ય માની તેનું દમન - તો જ દેહ નિયમમાં આવે. **૨.** આત્માને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર માની આત્મનિષ્ઠા કેળવવી. **૩.** આસ્વાદ જીતવાનો બોધ - આહારનો સંકોચ કરવો. **૪.** વિચાર્યા વિના કોઈનો વાદ ન લેવો - મોટાપુરુષ નાવ સમાન - તેમનો સંગ- માન મૂકીને તેમની સેવા કરવી - **૫.** ગુરુમુખી થવું, પોતાનું ધાર્યું જેટલું થાય તે માન છે. અગ્નિમાં પ્રવેશ કરવો સહેલો પણ મનધાર્યું મૂકવું કઠણ. **૬.** આત્મવિદ્ થવું - આત્માને મનનો સંગ ન રહે ત્યારે તેને આત્મવિદ્ - આવા આત્મનિષ્ઠ પુરુષોનો સ્વભાવ સરળ. આવા તો એક જડભરત. જડભરતને સંભારીએ ત્યારે અમારા નેત્રમાંથી જળ વહેવા લાગે. પ્રહલાદ્દ, બલિ, પ્રિયવ્રત, શુક, સનકાદિકને સંભારીએ છીએ ત્યારે દિલમાં ખુમારી પ્રગટ. આવા ભક્ત પર અમારી પ્રીતિ-રુચિ-બધા સંતોએ આ રીતે વર્તવું. **(૬)** ઉપસંહાર : નિષ્કામવ્રત વિનાના નર-નારી પશુ સમાન - શ્રીજીમહારાજની નિષ્કામી હરિભક્તો પાસે રહેવાની રુચિ - બ્રહ્મા તેમજ શિવજી જેવા દેવની બ્રહ્માંડની સમૃદ્ધિ નિષ્કામવ્રત આગળ તુચ્છ - આમ, શ્રીજીમહારાજે સમસ્ત જનસમાજ તેમજ પોતાના આશ્રિતોના હિત માટે સંયમ બોધ - નિષ્કામ શુદ્ધિ માટે આપ્યો છે જેની સાંપ્રત સમયમાં અતિ આવશ્યકતા - તેથી જ હરિ તેમજ ગુરુપરંપરા દ્વારા આ સંયમબોધ કહેતા નિષ્કામ શુદ્ધિની ઉપદેશગંગા વહી રહી છે.

❑ ❑ ❑